| | | |
|---|---|---|
| **રજુ તારીખ** | : | **૦૩.૦૭.૨૦૨૬** |
| **દાખલ તારીખ** | : | **૦૩.૦૭.૨૦૨૬** |
| **નિકાલ તારીખ** | : | **૦૮.૦૭.૨૦૨૬** |
| **અવધિ** | : | **વર્ષ માસ દિવસ** |
| | | **૦૦ ૦૦ ૦૫** |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૪૨૦/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર :-** **ઈકબાલબેગ બસીરબેગ મીરઝા,**
ઉ.વ.૨૬, ધંધો : વેપાર,
રહે. : ફતેપુરા રબારી ચકલા, જોબલટોલા,
તા.બોરસદ, જી.આણંદ,
ઓફિસ : અલ અહમદ કોમ્પ્લેક્ષ, વાસણા ચોકડી,
મુ.પો.વાસણા(બો), તા.બોરસદ, જી.આણંદ.

**વિરૂદ્ધ**

**સામાવાળા:-** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**<u>બાબત</u>:-** **બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી એમ. એમ. મીરઝા** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** |

**-: ઠ રા વ :-**

(૧) આ કામનાં અરજદાર બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૨૨૬૦૨૫૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબનો ગુનો તા.૦૯.૦૬.૨૦૨૬ નાં રોજ

નોંધાતાં પોલીસ તેમની ધરપકડ કરે તેવી દહેશત હોય હાલની આગોતરા જામીન મેળવવાની અરજી અત્રેની કોર્ટમાં કરેલી છે.

(૨) અરજદાર તરફે ટ્રાન્સફરી વિ.વ. શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, હાલનો બનાવ તા.૨૧.૧૨.૨૦૨૫ થી તા.૨૩.૧૨.૨૦૨૫ દરમિયાન બનેલ છે અને ફરિયાદ તા.૦૯.૦૬.૨૦૨૬ નાં રોજ દાખલ કરવામાં આવેલ છે અને ફરિયાદ મુજબનો આક્ષેપ અરજદાર સામે કરવામાં આવેલ છે. અરજદારની વડોદરા મુકામે ઓફિસ આવેલ નથી, પરંતુ ફરિયાદીએ પોલીસ સાથે ભળી જઇ અરજદાર વિરૂદ્ધ ખોટી હકીકતવાળી ફરિયાદ આપેલ છે. ફરિયાદીએ અરજદારને કોઇ રકમ આપેલ નથી કે અરજદારે કોઇ ખાત્રી આપેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદારે કોઇ કહેવાતો ગુનો કરેલ નથી. અરજદાર સામે ખોટી રીતે ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. અરજદારને હાલનાં ગુનામાં સાંકળતો સીધો કે આડકતરો કોઇ પુરાવો તપાસ દરમિયાન અરજદાર વિરૂદ્ધ મળી આવેલ ન હોવા છતાં પોલીસ અરજદારની ધરપકડ કરે તેવી પાક્કી દહેશત છે. અરજદારને ફરિયાદી કે સાહેદને રશિયા મોકલવા માટે કોઈ કામ આપવામાં આવેલ નથી. ફરિયાદી તથા સાહેદોને તા.૦૪.૦૨.૨૦૨૬ નાં રોજ રશિયા મોકલવામાં આવેલ તથા ત્યાંનાં એજન્ટ લઇ ગયેલ અને ૪૦૦ કીમી દૂર નોકરી માટે મોકલેલ તથા ફરિયાદી તથા સાહેદોનાં તા.૧૪.૦૪.૨૦૨૬ સુધીનાં વીઝા હતાં અને તેઓ તા.૧૭.૦૩.૨૦૨૬ નાં રોજ જાતે ફ્લાઇટની ટીકીટો લઇ ભારત પરત આવેલાનો સ્પષ્ટ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવેલ છે, જેથી ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી તથા સાહેદો પોતાની જાતે જ પરત આવેલા છે, અરજદારે કોઇ ગુનો કરેલ નથી. અરજદાર પાસેથી હાલનાં ગુનાનાં કામે કોઇ ચીજ–વસ્તુ કે મુદ્દામાલ કબજે કરવાનો રહેતો નથી.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામે આજીવન કેદ કે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાની જોગવાઇ નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ

નથી. અરજદારની વાસણા (બો) તા.બોરસદ મુકામે ઓફિસ આવેલ છે, તેમજ પોતાના ઘરનાં સભ્યોનું ગુજરાન ચલાવે છે. જો અરજદારને આગોતરા જામીન ન આપવામાં આવે તો અરજદારનું કુટુંબ ભૂખમરામાં હોમાય જાય તેમ છે. અરજદાર અરજીમાં જણાવેલ સરનામાનાં કાયમી રહે છે, બોરસદ મુકામે સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, ક્યાંય નાસી–ભાગી જાય તેવા નથી. અરજદારને આગોતરા જામીન આપ્યેથી ફરિયાદી કે ફરિયાદપક્ષનાં સાહેદોને કઇ ધાક–ધમકી આપશે નહીં તથા અરજદાર નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે, જેથી અરજદારની હાલની આગોતરા જામીન અરજી મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૩) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્વાન પી.પી.શ્રી એસ.આર. ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદી તથા સાહેદોને અરજદાર તથા અન્ય સહઆરોપીએ રશિયા ખતે વર્ક વીઝા આપી, વેરહાઉસ તથા મોલમાં નોકરી આપવાની હતી. હાલનો ગુનો અરજદાર તથા આરોપી નં.૨ નાઓએ ભેગા મળી કરેલ છે. અરજદારનાં પત્નિ/આરોપી નં.૨ ખાતામાં રકમ જમા થયેલ. અરજદાર તથા અન્ય સહઆરોપીએ ભેગા મળી ફરિયાદી તથા સાહેદોને વીઝીટર વીઝા પર હાલ રશિયા જાઉ પછી વર્ક વીઝામાં કન્વર્ટ કરી આપવાનું આશ્વાસન આપી, ફરિયાદી તથા સાહેદોનાં રૂા.૯,૭૮,૩૦૦/– રોકડા તથા ઓનલાઇન રૂપિયા મેળવેલ છે. અરજદારે ફરિયાદીને તેના મોબાઇલ નંબરનાં વોટ્સએપમાં મૂકેલ અને તેના પર ફરિયાદીએ વાત કરેલ. ફરિયાદી તથા સાહેદને રશિયામાં નોકરી રૂબલ રૂા.૩૦,૦૦૦/– ની નોકરી મળી જશે તેવું જણાવેલ. પરંતુ ફરિયાદી તથા સાહેદોને રશિયામાં કોઇ કામ અપાવેલ નહીં. ફરિયાદી તથા સાહેદો અરજદારને મળેલાની હકીકત ફરિયાદમાં જ જણાવેલ છે. અરજદારે ફરિયાદી તથા સાહેદોને વીઝીટર વીજા પર મોકલી, વર્ક વીઝાનું બહાનુ કરી રકમ લઇ લીધેલ છે અને તેઓને છેતરેલ છે. હાલનાં આ ઠગાઇનાં ગુનામાં અરજદારે સીધો ભાગ ભજવેલ છે. અરજદારે

ફરિયાદી તથા સાહેદોને એગ્રીમેન્ટ કરી આપવાની ખાત્રી આપેલ. અરજદારે હાલ બોરસદ ખાતે ઓફિસ ચાલું કરેલ છે. અરજદારે ફરિયાદી તથા સાહેદોને ટૂરીસ્ટ વીઝા પર મોકલી તેમના ભવિષ્ય અને જીવને જોખમમાં મૂકી ગુનો કરેલ છે. અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય ગુનો છે. હાલનાં ગુનાનાં કામે અરજદાર તથા અન્ય આરોપીને પકડવાનાં બાકી છે તથા સદર ગુનાનાં કામે બી.એન.એસ. ની કલમ–૩૪(૩)(૨) તથા ૩૪(૪) ની તપાસ કરવાની જરૂર છે તથા અરજદાર પાસેથી મુદ્દામાલ કબજે કરવા અરજદારની કસ્ટડીની જરૂરિયાત હોય, અરજદારની હાલની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાને લીધી. અરજદારની અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક–૩, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક–૪ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૫) હાલનાં કામે બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦ ૦૨૨૬૦૨૫૦/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબનાં ગુનો દાખલ થયેલ છે. સદર કામની ફરિયાદની હકીકત જોતાં, હાલનો બનાવ તા.૨૧.૧૨.૨૦૨૫ થી તા.૨૩.૧૨.૨૦૨૫ દરમિયાન બનેલ છે, જેની ફરિયાદ તા.૦૯.૦૬.૨૦૨૬ નાં રોજ આપવામાં આવેલી છે. એફ.આઇ.આર. જોતાં, અરજદારે ફરિયાદી તથા સાહેદ નાઓને રશિયા જઇને વેર હાઉસ અને મોલમાં સ્કેનીંગની નોકરી આપવાની ખાત્રી આપી રશિયા નોકરી માટે મોકલી આપવાનાં એક વ્યક્તિ દીઠ રૂા.૩,૪૫,૦૦૦/– નક્કી કરી, રશિયાનાં બીઝનેશ વીઝા અપાવવાનું તથા રશિયા જઇ તમોને વર્ક વીઝા થઇ જશે તેવું કહી વિશ્વાસમાં લઇ બિઝનેશ વિઝાને બદલે વિઝીટર વિઝા આપી સહઆરોપી સાથે મળી ફરિયાદી તથા સાહેદનાં રોકડ તથા ઓનલાઇન મળી કુલ રૂ.૯,૭૮,૩૦૦/–, તેમજ

રૂ.૬૦,૦૦૦/- રશિયન રૂબલમાં કન્વર્ટ કરેલ ૪૮,૦૦૦/- રૂબલ લઇ ફરિયાદી તથા સાહેદોને નક્કી કર્યા મુજબનું કોઇ કામ ન અપાવી, તેમજ બીઝનેસ વીઝા કે વર્ક વીઝા અપાવવાનું કહી વિઝીટર વિઝા અપાવી રશિયા મોકલી આપી તે અંગેનું એગ્રીમેન્ટ ન કરી આપી ફરિયાદી તથા સાહેદો પાસેથી આર્થિક લાભ મેળવવાના બદઈરાદાથી બિઝનેસ અને વર્ક વિઝાની લાલચ આપી ટુરીસ્ટ વિઝા પર રશિયા મોકલીને ફરિયાદી તથા સાહેદોનાં ભવિષ્ય અને જીવને જોખમમાં મૂકી ગેરકાયદેસર રીતે મોટી રકમ પડાવીને કહ્યા મુજબનું કામ ન આપી ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ. આમ, પોલીસ તપાસનાં કાગળો તથા ફરિયાદની હકીકતોથી અરજદાર/આરોપી પ્રથમદર્શનીય રીતે ગુનામાં સંડોવાયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટનાં આગોતરા જામીન અંગેના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં, હાલનાં કેસની હકીકતો તથા અરજદાર વિરૂદ્ધ ગંભીર ગુનાનાં આક્ષેપો છે. સદર કેસમાં સઘન તપાસ થવી જરૂરી છે. આમ, ઉપરોક્ત ચર્ચા અને કારણો ધ્યાને લેતાં, અરજદારને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા વિવેકબુદ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયી જણાતુ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- : : હુકમ : : -**

(૧) અરજદાર/આરોપી **ઈકબાલબેગ બસીરબેગ મીરઝા**, ઉ.વ.૨૬, ધંધો : વેપાર, રહે. : ફતેપુરા રબારી ચકલા, જોબલટોલા, તા.બોરસદ, જી.આણંદ, ઓફિસ : અલ અહમદ કોમ્પ્લેક્ષ, વાસણા ચોકડી, મુ.પો.વાસણા(બો), તા.બોરસદ, જી.આણંદ નાઓની હાલની

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુક્ત થવાની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૮ મી, માહે–જૂલાઈ, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮.૦૭.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

NDK